**રે.દિ.મુ.નં.૩૧/૨૦૨૦**

**આંક–૦૫ ની અરજી લગત હુકમ:**

---

**વાદીના વકીલ શ્રી આર.એન.મહેતા**

**પ્રતિવાદી નં.૧ તરફે એચ.આઈ.ભટૃ**

**પ્રતીવાદી નં.૨(૧) અને (૨) તરફે જે.એમ.જીવરાણી**

**પ્રતીવાદી નં.૨(૩) થી ૨(૫) તથા ૩ થી ૮ (આંક–૪૧ નીચે થયેલ હુકમ મુજબ તમામ નો જવાબનો હકક બંદ કરેલ છે.)**

---

૧. વાદીએ મુળ દાવો પાર્ટીશન ડીકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા અંગેનો કરેલ છે.

૨. સદર દાવાના આખરી નિકાલ સુધી વચગાળાના તબકકે કામચલાઉ મનાઈ હુકમ મેળવવા વાદીએ હાલની અરજી દાખલ કરેલી છે.

- **જેની ટુંકમાં હકીકત એવી છે કે,** આ કામે વાદી તથા પ્રતીવાદી નંબર ૧ સગા ભાઈઓ છે તેમજ પ્રતીવાદી નંબર ૨/૧ થી ૨/૫ વાળા વાદીના ભાઈ ગુજરનાર રામાભાઈ ઉકાભાઈ ના વારસદારો છે તથા પ્રતીવાદી નંબર ૩ થી ૮ વાદી તથા પ્રતીવાદી નંબર ૧ ની બહેનો છે આમ તમામ પક્ષકારો ઉકાભાઈ સામતભાઈ કરંગીયાના વારસદારો છે.

- જે ઉકાભાઈ ના પીતા સામંતભાઈનાઓને જુના સર્વે નંબર ૨૨૨,૨૨૩,૨૬૮,૨૭૫(૪) વાળી જગ્યા તેઓને તેમના વડીલોપાર્જીત મીલકત અન્વયે મળેલી જગ્યાનું ભાયો ભાગે વહેચણી થતા ઉપરોકત જણાવેલ જગ્યા મળેલ છે.
(માર્ક–૩/૪ નોંધ નંબર ૨૩૭ તા. ૩૧/૧૨/૧૯૫૪ ગામ નમુના નંબર ૬)

- સદરહુ જગ્યા પૈકી ની જગ્યા સર્વે નંબર ૨૬૮ પૈકી ૧ જેનો નવો સર્વે નંબર ૪૬૫ હેકટર આરે ચોરસ મીટર ૪–૧૨–૮૦ આકાર ૨૧.૧૦ ખાતા નંબર ૩૬૪ વાળી જગ્યા ઉકાભાઈ સામતભાઈ ની હયાતીમાં ઘરના મોટા દીકરા એવા વજશીભાઈ ના ઓના નામે રેવન્યુ રેકર્ડ માં નોંધ કરેલી અને ત્યારબાદ વજશીભાઈ પુખ્ત ઉમંરના થતા સદર મીલકત તેઓ એકલાના નામે રેવન્યુ રેકર્ડમાં ચડાવેલ છે. (માર્ક ૩/૫ થી નોધ નંબર ૧૮૬૫ તા. ૧૦/૧૨/૧૯૮૯ અન્વયે ની નોંધ), વાસ્તવમાં સદર મીલકત અમારા બાપા ઉકાભાઈ નાઓને વડીલો પાર્જીત મળેલી છે અને સદર નોંધ કરાવી તે વખતે અમો તમામ એક જ ઘરમાં હીન્દુ અવિભકત કુટુંબના સભ્ય તરીકે રહેતા હતા આમ વાદીના કથન મુજબ સદર મીલકત વડીલો પાર્જિત સંયુકત કુટુંબની મીલકત છે.

- સદરહુ જગ્યા પૈકી ની જગ્યા સર્વે નંબર ર૬૮ પૈકી ર જેનો નવો સર્વે નંબર ૪૬૭ હેકટર આરે ચોરસ મીટર ૧–૭૩–૦૦ આકાર ૯ ખાતા નંબર **૫૮ વાળી જગ્યા** વડીલો પાર્જીત સંયકત કુટુંબની મીલકત માંથી મૌખીક ભાયુ ભાગે વહેચણી થતા તેમજ સદર જગ્યા પ્રતીવાદી નંબર ર રામાભાઈ ઉકાભાઈનાઓ ના ભાગમાં આવેલ હોઈ અને તેઓના નામે થતી ન હોઈ તેથી એક રજીસ્ટર વેચાણ દસ્તાવેજ તારીખ:–૦૩/૦૭/ર૦૦ર ના રોજ વજશીભાઈનાઓ એટલે કે અમારા ઘરના મોટા ભાઈ એ પ્રતીવાદી નંબર ર નાઓની તરફેણમાં કરી આપેલો અને તે સાથે એક કબુલાત પણ લખવામાં આવેલી જે મુજબ સદર દસ્તાવેજ ઉકા સામંત કરંગીયાની નાંદુરી મુકામે જે ખેતરની જમીનો તેમજ મકાનો તેમજ સ્થાવર મીલકતો આવેલી હતી તે તમામ મીલકતો ઉપરથી હકક પ્રતીવાદી નંબર ર ના એ ઉઠાવી લઈ બદલામાં સદર મીલકત સરકારશ્રી ના નીચમ મુજબ ભાઈ ના ખાતેથી ભાઈના ખાતે ન થતા ઉકા સામંત ના વરસો વારસાઈ મીલકત માંથી અમોને અમારા ભાઈએ અમારા ભાગની જમીન દસ્તાવેજ કરી આપેલ છે જેનો કોઈપણ પ્રકારનો નાણાકીય વહીવટ કરેલ નથી.આમ વાદીના કથન મુજબ સદર મીલકત વડીલો પાર્જીત સંયુકત કુટુંબની મીલકત છે.અને તેઓને સદર ભાગ મળી ગયેલ હોઈ અન્ય કોઈ મીલકત માં હકક હીસ્સો ન હોવાની હકીકતો જણાવે છે.

- સદરહુ જગ્યા પૈકી ની જગ્યા સર્વે નંબર ર૭૫ પૈકી ૧ જેનો નવો સર્વે નંબર ૪૫૬ હેકટર આરે ચોરસ મીટર ૩–૭ર–૩૧ આકાર ૧૩.૦૫ ખાતા નંબર ૪૦૩ વાળી જગ્યા ભાયુ ભાગે મૌખીક વહેચણી થતા તે બહેનને પોતાનો ભાગ આપી દીધેલ હોઈ જેથી તેઓએ તારીખ:–૯/૫/ર૦૦૩ ના રોજ ઉકા ભાઈ ની હયાતીમાં હકક ઉઠાવી લેવાનો કરાર (માર્ક–૩/૯)કરી આપેલ હોઈ અને તે વહેચણી અન્વયે ઉકાભાઈની બાકી રહેલી જમીન માંથી તે હકક ઉઠાવી લીધેલ હોઈ સદર મીલકત વડીલો પાર્જીત સંયુકત કુટુંબની મીલકત હોવાનું વાદી કથન કરે છે અને તેઓને સદર ભાગ મળી ગયેલ હોઈ અન્ય કોઈ મીલકતમાં તેઓનો હકક હીસ્સો ન હોવાની હકીકતો જણાવે છે.

- વધુમાં વાદીનું કથન છે કે ઉપરોકત મુજબ ભાયો ભાગે વહેચણી થયા બાદ સ્વ.રામભાઈ ઉકાભાઈ તથા પુરી બેને પોતાનો હકક ઉઠાવી લીધા બાદની જગ્યામાં હકક કોઈ હકક હીસ્સો ન રહેતા અમો વાદી તથા પ્રતીવાદી નંબર ૧ તથા ૪ થી ૮ વચ્ચે મૌખીક ભાગ પડી જતા **અમારા ભાગે** (વાદી) સદરહુ જગ્યા પૈકી ની જગ્યા સર્વે નંબર રરર જેનો નવો સર્વે નંબર ૪૪૬ તથા સર્વે નબર રર૩ જેનો નવો સર્વે નંબર ૪૪૭ તથા રેવન્યુ સર્વે નંબર ર૭૫/૧ નવા સર્વે નંબર ૪૫૬ વાળી જમીન તેઓના ભાગે આવેલ હોવાનું તેમજ તે જમીન ઉપર તેઓનો **પ્રત્યક્ષ કબ્જો હોવાનું તેમજ તેઓ તે જમીન ઉપર વાવેતર કરતા હોવાનું તેઓનું કથન છે .**

- વધુમાં વાદી તેઓના કબ્જામાં જે જગ્યા આવેલ હોવાનુ જણાવે છે તે જગ્યામાં ત્રણ બોર, ત્રણ લાઈટનું કનેકશન તથા કુવો તથા ખેતીના સાધનો તેમજ ખેતી માટેની

મશીનરી તેમજ તેમાં એક હજાર ચોરસ ફુટ પાકુ મકાન બનાવેલ છે તથા ખેતીના સાધનો રાખવા માટે ચાર કાચા મકાનો બનાવેલ છે આમ **આ જમીન માં ખેતી કરવા માટે વાદીએ ખર્ચ કરેલ છે તેવુ તેમનુ કથન છે.**

- અને વાદી ના કબ્જા ભોગવટા માં આ કામના પ્રતીવાદીઓ હરકત અડચણ કરવા આવતા અને અમો વાદીને વાવેતર કરવામાં દખલગીરી કરતા તે દખલગીરી અટકાવવાનો અને અમારા ભાગમાં આવેલ અને અમારા કબ્જા ભોગવટા વાળી જમીન માં હરકત અડચણ કે અટકાયત કરતા અટકાવવા અને આ તમામ મીલકતો સંયુકત કુટુંબની હોઈ તે તમામ મીલકતો માંથી અમારા ભાગમાં આવેલ જમીન અમો વાદી અમારો ભાગ સંયુકત રાખવા માંગતા નથી જેથી સંયુકત કુટુંબની મીલકતમાંથી અમારો થતો હીસ્સો અલગ કરવા માટે તથા આ અમારા ભાગની તથા કબ્જા ભોગવટા વાળી મીલકતના અમારા કબ્જામાં હરકત અડચણ કે અમો એ વાવેતર કરતા અટકાવે નહી કે પ્રવેશ કરે નહી કે કરાવે નહી તે માટે હાલનો દાવો લાવવાની જરુરીયાત પડેલ છે **અમારા કુટુંબની મીલકતમાં મૌખીક ભાગ પડી ગયેલ છે અને તે મુજબ પાર્ટીશન ચાને કે વહેચણી કરવા માટે હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે.**

૨. **વચગાળાના મનાઈ હુકમની દાદ:–**

(અ) દાવાવાળી નીશાની અ ની ટીપ વાળી પૈકી સર્વે નંબર ૨૨૨ જેનો નવો સર્વે નંબર ૪૪૬ તથા સર્વે નબર ૨૨૩ જેનો નવો સર્વે નંબર ૪૪૭ તથા રેવન્યુ સર્વે નંબર ૨૭૫/૧ નવા સર્વે નંબર ૪૫૬ વાળી જમીન વાદીના કબ્જા ભોગવટામાં પ્રતીવાદીઓ જાતે કે તેમના નોકરો કે તેમના માણસો કે એજન્ટો કે મુખત્યારો કે અન્ય કોઈ પણ મારફતે જમીનોના વાદીના કબ્જા ભોગવટામાં હરકત અડચણ કે અટકાયત કરે નહી કે અમારા કબ્જામાં પ્રવેશ કરી અમોને ખેતી કરતા અટકાયત કરે નહી કે કરાવે નહી કે અમારો કબ્જો છોઠાવે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ માંગેલ છે

- વધુમાં સદર મીલકત કોઈને વેચાણ કે બક્ષીક કે તબદીલ કરે નહી કે ટ્રાન્સફર કરે નહી કે કરાવે નહી કે કોઈપણ પ્રકારે થર્ડપાર્ટી રાઈટ ઉભા કરે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ માંગેલ છે

૨. **પ્રતિવાદીઓ તરફે જવાબ:–** તમામ પ્રતીવાદીઓને ધોરણસર નોટીસ સમંસ બજી ગયેલ છે જેમાં પ્રતીવાદી નંબર ૨(૩)થી ૨(૫) તથા પ્રતીવાદી નંબર ૩ થી ૮ નાઓ જાતે કે તેમના વકીલશ્રી મારફતે ધોરણસર ની નોટીસ/સમંસ બજી ગયેલ હોવા છતા તેઓ હાજર રહેલ ન હોઈ જેથી વાદીની આંક–૪૧ ની અરજી અન્વયે તેઓનો જવાબનો હકક બંધ કરેલ છે.

- જયારે વાદી નંબર ૧ નાઓ તેમના વકીલશ્રી સાથે હાજર થઈ આંક –૫૪ થી દાવા અરજીનો તેમજ મનાઈ અરજીનો સંયુકત જવાબ રજું કરેલ છે જેમાં વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવેલી હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલી જણાવી **વાદીએ જે સર્વે નંબર માં**

**પોતાનો કબ્જો હોવાનું કથન કરેલ છે તે જગ્યાઓ પ્રતીવાદી નંબર ૧ ના કબ્જામાં હોવાનું તેઓનુ કથન છે** તેમજ તે જગ્યાઓના લાઈટ બીલ એટલે કે વીજ જોડાણના બીલ પણ પ્રતીવાદી નંબર. ૧ ના ભરપાઈ કરતા હોવાનું જણાવે છે અને **વાદીએ તેમના હીસાની રકમમાંથી જમીન ખરીદ કરેલ છે તેવી રજુઆત છે.**

- જયારે પ્રતીવાદી નંબર ૨/૧ અને ૨/૨ નાઓએ આંક-૬૧ તેમજ આંક-૬૮ થી દાવા અરજી તેમજ મનાઈ અરજીનો સંયુકત જવાબ રજું કરેલ છે જેમાં વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવેલી હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલુ હોવાનુ જણાવેલ છે.અને ખરી હકીકતે જણાવે છે કે સર્વે નંબર ૨૬૮ વાળી જગ્યામાં જે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવેલ છે તેમાં વેચાણ આપનાર તરીકે વજશી ભાઈનુ નામ છે નહી કે ઉકાભાઈનુ આમ **સદર મીલકત અમોએ ખરીદ કરેલ હોઈ તે સંયુકત માલીકીની જગ્યા નહી હોવાનુ કથન કરે છે.અને તેઓએ વડીલોપાર્જીત મીલકતમાંથી કોઈ હક જતો નહી કરેલ હોવાનુ જણાવી તેઓનો પણ સરખો હીસ્સો ઉકાભાઈની મીલકતમાં સમાચેલો હોવાનુ જણાવે છે.** અને વાદી માંગ્યા મુજબ કોઈ દાદ મેળવવાને હકદાર નહી હોવાનુ પણ જણાવે છે.ઉપરોકત બને જવાબોમાં એક સરખુ કથન કરેલ હોઈ પુનરાવર્તન નો દોર ટાળવા માટે તેની ફરી ચર્ચા કરવામાં આવતી નથી.

૩. **કાઉન્ટર સોગંદનામુ:-**વાદીએ પ્રતીવાદીએ લખેલા જવાબ સામે આંક-૬૪ થી રજુ કરી પ્રતીવાદીઓએ જવાબમાં જે હકીકતો જણાવેલ છે તે ખોટી હોવાનું અને પોતે દાવા અરજીમાં જણાવેલ હકીકતો સત્ય હોવાની વીગતે વળગી રહેતો જવાબ રજું કરે છે.

ઉપરોકત તમામ રજુ હકીકતોને તેમજ વાદીએ આંક-૩,૭૫,૭૭ તેમજ પ્રતીવાદીઓએ રજુ કરેલ આંક-૫૬ તેમજ આંક-૬૩ તેમજ આંક ૭૮ અન્વયે રજુ દસ્તાવેજોને ધ્યાને રાખીને જોવામાં આવે તો વચગાળાની મનાઈ અરજીના તબકકે નીચે મુજબના મુદા જોવાના રહે.

(૪) **મુદ્દા:-** આ કામે પક્ષકારો ના પ્લીડીંગ્સ તથા રેકર્ડ ઉપર રજું થયેલા પુરાવા અને બન્ને પક્ષકારોની વિગતવારની દલીલો ધ્યાને લેતા આંક-૫ ની મનાઈ અરજીના નિર્ણય સારું મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**'' મુદ્દા ''**

૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?
૨) શું સગવડ અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે ?
૩) શું વાદીની તરફેણમાં કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવામાં ન આવે તો વાદીને પૈસાથી બદલો ન મળી શકે તેવુ નુકશાન થાય તેમ છે ?
૪) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દા અંગે મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.
૧) નકારમાં

૨) નકારમા

૩) નકારમાં

૪) આખરી હુકમ મુજબ.

(૬) **દલીલો:–** આ કામે વાદીએ મૌખીક દલીલ કરેલ છે જેમાં તેઓની દાવા અરજી તેમજ દસ્તાવેજોની વીગતે છણાવટ કરી સદર તકરારી મીલકતો તેમજ વાદીના પીતા ઉકાભાઈ નાઓ તરફથી મળેલી જગ્યાઓનો મૌખીક સમજુતી થી ભાયો ભાગ પડી ગયેલ હોવાનુ કથન કરેલ છે તેમજ તે મુજબ તે મીલકતોનો કબ્જો પણ જે તે ભાયો ધરાવે છે અને હાલના નવા સર્વે નંબર ૪૪૬,૪૪૭ તેમજ ૪૫૬ વાળી જગ્યા ઉપર પ્રત્યક્ષ કબ્જો ધરાવતા હોઈ અને મીલકત ઉપર (માર્ક–૩/૧૦ થી ૩/૧૨)ગામ નમુના નંબર ૭ માં ઉકાભાઈના તમામ વારસો નુ નામ ચાલતુ આવતુ હોઈ કબ્જા મુજબ ભાયુ ભાગ પડી ગયેલ હોઈ જેથી તે કબ્જામાં પ્રતીવાદીઓ અડચણ અંતરાય કરાવે અને અમોને ખેતી કરતા રોકે તો અમોને નાણાથી આંકી ન શકાય તેવુ મોટુ નુકશાન જાયે તેમ હોઈ તેમજ અમારા ભાગની જમીન માં તમામ વારસદારોના નામ ચાલતા હોઈ તેઓ તે જમીન ઉપર હકક ઉભો કરવા માટે અમોને ધમકી આપતા હોઈ તેમજ તે જમીન નો નીકાલ કરી દેવા માટે પણ જણાવતા હોઈ તે જમીન ઉપર અમારો કબ્જો હોઈ અને તે જમીન ને મહા મહેનતે અમોએ વીકસાવી હોઈ જેથી તે જમીન ના રક્ષણનો અમારો પ્રથમદર્શનીય કેશ હોવાનુ જણાવી તેમજ સર્વે નંબર ૪૬૭ તેમજ ૪૬૫ ચોખી રીતે પ્રતીવાદીઓના કબ્જામાં તેમજ રેવન્યુ રેકર્ડ માં તેમના નામે હોઈ અને અમારા કબ્જામાની જમીન તમામ વારસદારોને નામે હોઈ જેથી સગવડતા અગવડતા નુ પાસુ પણ અમો વાદીની તરફેણ માં હોઈ દાવાના આખરી નીકાલ સુધી અમારી મીલકત અમારા કબ્જામાં રહે અને પ્રતીવાદી કોઈ ત્રાહીત બોજો ઉભો ન કરે તે હેતુથી દવાના આખરી નીકાલ સુધી મનાઈ આપવા અરજ કરેલ છે અને પોતાની રજુઆતના સમર્થનમાં આંક–૭૩ થી નામદાર વડી અદાલત તેમજ સર્વોચ્ચ અદાલતના વીભીન્ન ચુકાદાઓ રજુ કરેલા છે જે માન સહ વંચાણે લીધા.

જયારે પ્રતીવાદી નંબર ૨(૧) અને ૨(૨) ના વકીલ શ્રી એ મૌખીક રજુઆત કરી કેશ મા રજુ રેકર્ડ નુ પુનરાવર્તન કરેલ છે અને વાદી જે મૌખીક જે ભાયો ભાગ પડેલી વીગતે દાવો લાવેલા છે તે મૌખીક ભાયો ભાગ કઈ તારીખે કયારે કોની કોની વચ્ચે થયા તેની વીગત પોતાની દાવા અરજીમાં જણાવેલ નહી હોવાનુ કથન કરે છે તેમજ કહેવાતી જે જગ્યા માટે વચગાળાનો મનાઈ માંગવામાં આવેલ છે તે જગ્ય વાદીના ભાગે આવી તેવુ કોઈ રેવન્યુ આધાર દાવા અરજી સાથે રાખેલ નથી.વધુમાં પ્રતીવાદી નંબર ૨ ના વારસો ને જે જગ્યા મળી છે તે રજીસ્ટર વેચાણ દસ્તાવેજના આધારે મળેલી છે તેમજ તે દસ્તાવેજમાં અવેજી રકમ રૂપીયા ૨૦,૦૦૦/– નો ઉલેખ છે તેમજ તે રકમ ચુકતે દસ્તાવેજ કરી આપવાનાર ને મળી ગયેલ હોવાનુ સક્ષમ અધીકારી સમક્ષન નુ રેકર્ડ છે જે આ કામે વાદીએ માર્ક–૩/૬ થી રજુ કરેલ છે વધુમાં જો તે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ વડીલો પાર્જીત મીલકત અન્વયે આપેલી હોઈ તો પ્રતીવાદી નંબર ૨ ના તમામ વારસો નો ઉલેખ હોઈ જયારે તે દસ્તાવેજ જોતા તેમાં પ્રતીવાદી નંબર ૨ તેમની પત્ની તેમજ એક બાળકનો ઉલેખ છે અને બાકીના ત્રણ વારસો નો ઉલેખ નથી.આમ સદર દસ્તાવેજ વડીલોપાર્જીત મીલકતના હેતુથી નહી પરંતુ અમોએ ચુકવેલ અવેજના આધારે થયેલ

હોવાનુ જણાવે છે.વધુમાં માર્ક–૩/૭ વાળુ જે કબુલાત નામા ઉપર વાદી આધાર રાખે છે તેમાં તમામ વારસોના નામ જણાવેલ છે પરંતુ સહી માત્ર બે ઈસમોની છે તેમજ તે કબુલાત નામુ કોઈ સક્ષમ અધીકારી રૂબરુ નુ નથી અને તે શંકા ઉપજાવે તેવુ જણાવે છે અને વધુમાં તેઓ જણાવે છે કે જયારે વાદીના કથન ઉપરથી તેમજ રજુઆત ઉપરથી કઈ મીલકતનો કોની પાસે કબ્જો છે તે સ્પષ્ટ થતુ ન હોઈ તેવા સંજોગોમાં મનાઈ આપી શકાઈ નહી અને જેથી સદર અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

જયારે પ્રતીવાદી નંબર ૧ ના વકીલ શ્રી એ મૌખીક રજુઆત કરી કેશ મા રજુ રેકર્ડ નુ પુનરાવર્તન કરેલ છે. અને વિશેષમાં જણાવેલ છેકે જે સર્વે નંબર વાદીએ પોતાનો હોવાનું કથન કરી દાવો લાવેલા છે તે મીલકતો માં આ કામના તમામ વારસદારોના નામ પોપર્ટી કાર્ડમાં ચાલે છે. તેમજ વાદી તે મીલકતો પર કબજો હોવાનુ જણાવી પોતે ખેડતા વાવતા હોવાની વિગતો જણાવે છે પરતુ તે અન્વયે ના કોઈ આધાર પુરાવા દાવા અરજી સાથે રજું કરેલા નથી આમ સયુકત નામો વાળી મીલકત વાદી ની હોવાનું તેના કથન માત્ર થી માની શકાય નહી તેમજ વાદી તદૃન કાલ્પનીક દાવો કરવાનુ કારણ જણાવી દાવો લાવેલા છે કારણકે કયા સર્વે નંબર માં તેમને ખેતી કરવા માટે રોકયા તે વિગત દાવા ના કારણમાં જણાવેલ નથી. તેમજ તેમને રોકયા હોય તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. વધુમાં તેમનો કબજો જો વાદી એ લઈ લીધો હોત તો તેવો લેન્ડ ગ્રેબીગ એકટ મુજબ કાર્યવાહી કરી શકતા હતા પરતુ તેઓએ કોઈ કાર્યવાહી પ્રતિવાદી વિરૂધ્ધ કરેલ નથી. વધુમાં વાદી ૧૯૮૯ ની રેવન્યુ રેકર્ડમાં પડેલ નોઘ ને પોતાની દાવા અરજી માં પડકારે છે જયારે આ નોઘ રેવન્યુ રેકર્ડ માં આજની તારીખ સુધી બીન તકરારી ચાલતી આવેલ છે. વધુમાં પેરા ૯ માં ત્રણ લાઈટ કનેકશન તથા ત્રણ બોર ની વિગતો જણાવે છે જયારે કોઈ લાઈટ બીલ તેવો ભરતા હોય તે સબબનો કોઈ પુરાવો રજું કરેલ નથી. વધુમાં તેવો ખેડતા હોય તે સબબના આડોશ પાડોશના ખેતર વાળા નીવેદન તેમની રજુઆતને અનુસધાને સામેલ નથી કે કોઈ ફોટોગ્રાફ સામેલ ના હોય તેમનો કબજો મૌખિક હોવાનુ કદાપી માની મનાઈ આપી શકાય નહી. અને વાદી એ પોતાના પક્ષે ત્રણ પરીબળો પૈકી કોઈ પરીબળ અન્વયેની હકીકત સાબીત કરેલ ના હોય તેથી આંક ૫ વચગાળાની મનાઈ અરજી ના મજુંર કરવા રજુઆત કરેલ છે. અને તેઓએ પોતાની રજુઆત ના સમર્થનમાં આંક ૭૬ થી વિવીધ ચુકાદાઓ રજું કરેલ છે જે તમામ માનસહ વચાંણે લીધા.

**૭). રજું હકીકતોનુ વિવરણ:–**

એ તો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, વચગાળાની અરજીના નિર્ણય પ્રસંગે દફતરે આવેલ તમામ સામગ્રીનો તલસ્પર્શી અને ઉંડાણપુર્વક અભ્યાસ કરવાનો નથી, પરંતુ દાવાવાળી મિલ્કત પરત્વે પક્ષકારોના હકકો અને હિતના રક્ષણ સારું તેમજ દાવાવાળી મિલ્કતની યથાવત સ્થિતિ જળવાય રહે તે હેતુને ધ્યાનમાં લઈ વાદી પક્ષનો પ્રથમદર્શનિય કેસ છે કે કેમ? અને જો માંગેલ વચગાળાની રાહતનો ઈન્કાર કરવામાં આવે તો વાદી પક્ષને નાણાંથી અદા ન થઈ શકે તેવું નુકસાન થઈ શકે તેમ છે કે કેમ ? તથા સગવડ અગવડનું પલ્લું કયા પક્ષકારની તરફેણમાં છે ? તેટલાં પુરતી દફતરી સામગ્રી

ધ્યાને લેવાની રહે છે. પરંતુ , જો જાહેર હિતનો પ્રશ્ન સંડોવાયેલો હોય તો એક વધારે બાબત એ છે કે , જાહેર હિતના પ્રશ્ન કરતા ખાનગી હિત ઉપર પ્રાધાન્ય આપવું રહે છે.

આમ, ઉપરોકત નોંધેલ અને ઠરાવેલ કાનુની સ્થિતિ આ કામે રજું બન્ને પક્ષકારો તરફે રજું થયેલ ચુકાદાઓ ના આધારે તારવેલ છે જે આધારે રજું હકીકતો નુ મુલ્યાકન હાથ ધરેલ હોય તે તમામ ચુકાદાઓ તેમજ તે ધ્વારા સ્થાપિત કરેલા સિધ્ધાત બાબતે ફરી ચર્ચા કરવાથી પુનરાવર્તન થશે તે કારણ સર હવે પછી તમામ ચુકાદાઓની ચર્ચા કરવામાં આવતી નથી.

ઉપરોકત તમામ વિગતો એક બીજા સાથે જોડાયેલ હોય જેથી ત્રણે મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે. તથા તમામ વિગતો સરળતાથી સમજી શકાય તે માટે તેને કોઢા સ્વરૂપે નીચે મુજબ રજું કરવામાં આવે છે.

| અ.નં | જુનો સર્વે નં | નવો સર્વે નં | ખાતા નં | સામાન્ય વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨૨૨ | ૪૪૬ | ૪૦૩ | ૩/૧૦ આ કામના તમામા પક્ષકારોના નામે |
| ૨ | ૨૨૩ | ૪૪૭ | ૪૦૩ | ૩/૧૧ આ કામના તમામા પક્ષકારોના નામે |
| ૩ | ૨૭૫/૧ | ૪૫૬ | ૪૦૩ | પુરીબેનને આપી બાકી ની જગ્યા માં હકક જતો કર્યો.(માર્ક ૩/૯), પોપર્ટી કાર્ડ ૩/૧૨ આ કામના તમામા પક્ષકારોના નામે |
| | ૨૭૫/૨ | ૪૫૫( | ૭૬૯ | માર્ક ૭૫/૧ (પ્રતિ નં ૩ પુરીબેના નામે) |
| ૪ | ૨૬૮/૨ | ૪૬૭ | ૭૫૮ | માર્ક ૩/૨ પોપર્ટી કાર્ડ(રામા કરગીયાના વારસોના નામે ),૩/૬ ૨.દસ્તા.૩૭૦/૦૨ |
| ૫ | ૨૬૮/૧ | ૪૬૫ | ૩૬૪ | માર્ક ૩/૧ પોપર્ટી કાર્ડ (પ્રતિ ૧ ના નામે) |

- ઉપરોકત તમામ વિગતે રેકર્ડ પર આવેલી હકીકતો જોવામાં આવે તો આ કામે આંક ૫ ની અરજી નીચે જે ત્રણ મીલકત બાબતે મનાઈ મેળવવાની દાદ વાદી એ માગેલ છે તે તમામ મિલકત માં આ કામના તમામ પક્ષકારોના નામ કબજેદાર તરીકે ચાલતા હોવાનું ઉપર કોષ્ટક જોતા માલુમ પડે છે.આ તબકકે સાથે સાથે એ પણ નોધવુ જરૂરી છેકે રેવન્યુ રેકર્ડ ની પુરાવાકીય વેલ્યુ ફિઝિકલ પપર્સ સુધી સીમીત છે. પરતુ હાલના તબકકે પુરાવાનુ નહી પણ રજું હકકીતો જોવાની હોય તે ધ્યાને લીધેલ છે.

- વધુમાં વાદી ના કથન મુજબ ઉકાભાઈ નું તમામ મિલકત બાબતે ભાયુ ભાગ પડી ગયા નું કથન છે જે ભાયુ ભાગ ની હકીકતો ને વાદી શીવાયના પક્ષકારો નકારે છે.જેથી તે બાબતની વાસ્તવીક પરીસ્થીતી ભાયુ ભાગેની પુરાવા લઈ જાણી શકાય.

- વધુમાં વાદી ના કથન મુજબ તેઓ આ કામની તકરારી મીલકત પર કબજો ધરાવતા હોવાનું કથન છે જયારે પ્રતિવાદી નં ૧ પોતાનો કબજો તે મીલકત પર હોવનું કથન કરે છે. જેથી ચોકકસ કબજો તથા કાયદેશનો કબજો આ બન્ને વિગતની હકીકતો પુરાવા લઈ ને સ્પષ્ટ થાય તેમ છે હાલના તબકકે તે નકકી કરી શકાય તેમ નથી.

- વધુમાં વાદી તકરારી મીલકત પર ખેતી કરતા હોવાનું અને ઉપજ નિપજ લેતા હોવાનું કથન કરે છે જયારે પ્રતિવાદી નં ૧ પણ તે મુજબ નુ કથન કરે છે. જે બાબતે રેકર્ડ જોતા વાદી એ આ હકીકતની સમર્થનમાં કોઈ મૈખિક કે દસ્તાવેજી પુરાવા રજું રાખેલ નથી. જે હીકકતો ની સામે પ્રતિવાદી નં ૧ માર્ક ૭૮/૩,૭૮/૫,૭૮/૭ , અન્વયેના દસ્તાવેજો તકરારી મીલકત માંથી ઉપજ નિપજ ની ખેત પેદાશ નું વેચાણ કર્યા ની રીપોર્ટ નકલ રજું કરે છે.

- વધુમાં વાદી એ તકારી મીલકત માં ત્રણ બોર તથા ત્રણ લાઈટ બીલ રાખી ખેતી મજુંરો પાસે કરાવી તે જગ્યા ને ડેવ્લોપ કરેલ હોવાનું કથન છે જયારે પ્રતિવાદી નં ૧ તે હકકીતો ખોટી હોવાનું જણાવી તે પોતાની રજુઆત ના સમર્થનમાં માર્ક ૫૬/૭ થી વિજ કનેશન બીલ રજું કરેલ છે. તેમજ તે બીલ ભર્યા ની રીસપ રજું કરેલ છે. તેમજ તે બીલ પર સર્વે નંબર લખેલ ના હોય તે કયા સર્વે નંબર માં આવેલ છે તે જાણવા માટે માર્ક ૭૮/૧ મુજબ કાર્યવાહી પર હાથધરેલ છે.

- વધુમાં ત્રણે તકારારી મીલકત નું તમામ રજું રેવન્યુ રેકર્ડ જોતા ત્રણે મીલકતના ખાતા નંબર જુના ૩૦૩ હોવાનું તેમજ પ્રમોલગેશન બાદ ૪૦૩ થયેલ હોવાનું રેકર્ડ પર આવે છે. જયારે આ ત્રણે મીલકત માં આકાર ના નાણા ઉકાભાઈ વતી હસ્તે પ્રતિ.નં ૧ નાએ ભરેલ હોવાનું ૫૬/૬ વાળો દસ્તાવેજ જોતા જણાય છે.

- વધુમાં વાદી જયારે પાર્ટીશન ડેકલેરેશન અન્વયે દાદ માગવા આવેલ હોય અને પાર્ટીશન વાળી જગ્યા રજું હકીકતો જોતા પુરાવો લીધા વગર જાણી શકાય તેમ ના હોય ત્યારે જયા સુધી પાર્ટીશન વાળી મીલકત નકકી ન થાય ત્યા સુધી વાદી માગ્યા મુજબ દાદ મેળવવા હકદાર થતો નથી.

- વધુમાં વાદી ની સદર અરજી ની દાદ જોતા જયારે વાદીએ પોતાના કબજા માં હરકત અડચણ અતરાય સામાવાળા કરે કરાવે નહી તે સબબની દાદ માગેલ હોય અને વાદી નો એકલાનોજ કબજો ભાયુભાગે આવેલ હોવાનું રજું રેકર્ડ પર થી સ્પષ્ટ થતુ ના હોય અને તે માત્ર પુરાવા લઈ જાણી શકાય તેમ હોય જેથી તેવી દાદ વાદી ને મળી શકે નહી અને જેથી વાદી નો મનાઈ માટેનો પ્રથમ દર્શનીય કેસ નહી હોવાનું અત્રે ની કોર્ટ નું માનવુ છુ.

- વધુમાં વાદી એ બીજી દાદ દાવાના આખરી નીકાલ સુધી એવી માગેલ છેકે, પ્રતિવાદીઓ કોઈ પણ પ્રકારે ગીરો કે વેચાણ કે બક્ષીસ કે તબદીલ કરે નહી કે કરાવે નહી તે દાદ સાથે રજું રેકર્ડ જોતા આ કામે તકરારી મીલકત માં આ કામના તમામ પક્ષકારોના નામ ચાલતા હોય અને કોઈ એક ઈસમ પાસે તે મીલકત તબદીલ કરાવવાનો કે વેચાણ

બક્ષીસની સત્તા ના હોય તમામ ની સમતિ વગર તે મીલકત અન્વયે કોઈ પણ પ્રકારે વધુ બોજો કે હીતો ની તબદીલી થઈ શકે નહી.

- અને જે વસ્તુ તમામ પક્ષકારો એકત્ર થઈ કરી શકવાના ન હોય તે બાબતે કાગળ ઉપર દાદ આપી શકાય નહી. અને જેથી સગવડતા અગવડતાનુ પાસુ વાદી ની તરફેણમાં હોવાનુ તેમજ નાણાથી આકી ન શકાય તેવુ નુકશાન સદર મનાઈ નહી મળવાથી જશે તેવુ વાદી રજુહકીકતો જોતા જણાતુ ન હોય જેથી ત્રણે મુદ્દાઓનો જવાબ નકારમાં આપી આખરી મુદ્દા નીચે નીચે મુજબ હુકમ કરુ છું.

**:: હુકમ ::**

૧. આથી વાદીની સિવિલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ ના ઓર્ડર–૩૯ રૂલ– ૧, ૨ મુજબની કામચલાઉ મનાઈ હુકમની અરજી ના–મજુંર કરવામાં આવે છે.

૨. અરજીનો ખર્ચ દાવાના અંતિમ ન્યાયિક નિર્ણયને અનુસરશે.

હુકમ આજ તારીખ: ૮ મી, માહે એપ્રિલ, સને– ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮– ૦૪–૨૦૨૨.
લાલપુર.

**( દેવાંગભાઈ મુકેશ કુમારબાવીશી)**
અધિક સીવીલ જજ,લાલપુર
કોર્ડજી જે ૦૧૩૮૦